
# ભિલોડાની બેંકોમાં હજુ 'નો કેશ'ના પાટીયા લાગે છે

ભિલોડા,તા.૧૩

ભિલોડામાં નોટબંધીના ૬ માસ પછી પણ એક રાષ્ટ્રીયકૃત બેંક શાખામાં નાણા ના હોવાના કારણે નો કેશના પાટીયા લાગેલા છે ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે. એક બાજુ કેશ લેશ, ઈ-બેકીંગની મોટી મોટી વાતો ઉપાડી શકતા ના હોઈ ત્યારે ખાતા ધારકો, પેન્શનર્સ,શિક્ષકોમાં ભારે નારજગી જોવા મળી રહી છે. બેંકમાં અંદાજીત ૫૦,૦૦૦ ખાતા ધારકો છે ખાતા ધારકોએ કંટાળીને ખાતા બંધ કરવ્યા છે. એ.ટી.એમ.શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યું




થઈ રહી છે ત્યારે નોટબંધીના ૬ માસ પછી પણ એક રાષ્ટ્રીયકૃત બેંક શાખામાં નાણા ના હોવાના કારણે નો કેશના પાટીયા લાગેલા છે ત્યારે ગ્રાહકો પરેશાન બન્યા છે. નોટબંધી બાદ લગ્નસરાની સિઝનમાં પુરતા નાણાં નહી આવતાં ઉભી થયેલી આ સમસ્યાના કારણે ગ્રાહકોને નાણાં લેવા માટે ધરમધક્કા ખાવા પડે છે. બેંકના કર્મચારીઓનો એક જ જવાબ ઉપરથી કેશ નહી આવતી હોવાના કારણે ગ્રાહકો બેંકમાં જાય ત્યારે નાણાં સ્વીકારાય છે પરંતુ કેશના અભાવે નાણાં છે. બેંકમાં અંદાજીત ૧૦૦૦ શિક્ષકોના ખાતા છે. અંદાજીત ૨૫૦૦ પેન્શનરોના ખાતા છે. આ સમસ્યા કંઈ એક દિન પુરતી નથી. આ સમસ્યા કાયમીની સમસ્યા બની છે. ખાતા ધારકો, પેન્શનરોને એક જ જવાબ મળે છે કે ઉપરથી નાણાં આવતા નથી.વળી બેંકમાં હિન્દી ભાષી કર્મચારીઓ હોવાના કારણે ગ્રાહકોની ભાષા સમજી શકતા નથી તેમજ તેઓ બોલે તે ગ્રાહકો સમજી શકતા નથી આવું અનેક વાર બનવા છતાં સહનશીલ ગ્રાહકો આ બધુ સહન કરી રહ્યા છે.

# પાલનપુરના ન્યુરોસર્જને તબીબી પ્રમાણપત્ર માટે ૧૦ હજાર માગ્યા હોવાનો મૃતક પરિવારનો આક્ષેપ

### પ્રધાનમંત્રી વીમા યોજના માટે ગરીબ પરિવાર પ્રમાણપત્રની માંગણી કરી હતી

પાલનપુર ના ન્યુરોસર્જન ધર્મેશ પ્રજાપતિ એ દર્દીઓ ને તબીબી સારવાર નામે લૂંટવાનો ધંધો શરૂ કરતા દર્દીઓ એ નારાજગી વ્યક્ત કરી છે ખોટી રીતે મનફાવે તેમ નાણા પાડવા ની ફરિયાદો ઉઠવા લાગી છે થોડાક સમય અગાઉ રાજસ્થાન ના એક દર્દી ને પાલનપુર ના ડોક્ટર ધર્મેશ પ્રજાપતિ એ તેના દવાખાન માં સારવાર આપ્યા બાદ અમદાવાદ સારવાર માટે મોકલવામાં આવ્યો હતો જ્યાં દર્દી નું મોત થયું હતું જો કે ગરીબ દર્દી ના પરિવારે માતબર રકમ ચૂકવ્યા બાદ માત્ર સામાન્ય રકમ બાકી હોવાથી ડોક્ટર ધર્મેશ પ્રજાપતિ એ વર્ધી માં આવેલી સ્કોર્પિયો ગાડી ચાવી પણ લઈ પોતાના કબ્જે કરી દીધી હતી માનવતા ની મર્યાદા ને ભૂલી ને માત્ર દર્દીઓને લૂંટવા ના આ ડોક્ટર ના વર્તન થી દર્દીઓ રોષે ભરાયા છે ત્યારે આજે વધુ એક શર્મનાક કિસ્સો ડો ધર્મેશ પ્રજાપતિ નોપ્રકાશ માં આવ્યો છે થોડાક દિવસ



અગાઉ અકસ્માત માં ઈજાગ્રસ્ત થયેલ બાબુભાઈ દેવજીભાઈ માળી ને સારવાર માટે ડો ધર્મેશ પ્રજાપતિ ને ત્યાં લાવામાં આવ્યા હતા જ્યાં સારવાર આપ્યા બાદ મહેસાણા લઈ જવાની ફરજ પડી હતી જોકે ત્યાં સારવાર સમય મોત થયું હતું, મૂર્તક ના સગા.. ભરતભાઈ માળીઅને પ્રવીણ ભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે .આજે આ પરિવાર ના લોકો જયારે ડો ધર્મેશ પ્રજાપતિ ના ત્યાં ઈન્સયોરન્સ ના પુરવા માટે દર્દી દાખલ થયાનો સર્ટીફિકેટ લેવા ગયા તો ડો ધર્મેશ પ્રજાપતિ એ મુતક પરિવાર પાસે ૧૦ હજાર ની માંગણી કરી હતી જેના લીધે મુર્તક પરિવાર સગા રોષે ભરાયા હતા એકતરફ કેન્દ્રની ભાજપ સરકાર ગરીબ પરિવાર ને પીમ વીમા માટે મસમોટી જાહેરાતો કરે છે ત્યારે ગરીબ દર્દીઓના ખિસ્સા ખાલી કરી તબીબી વ્યવસાય ને કલંકિત કરતા આ ડોક્ટરો પોતાની ફરજ ને બદનામી નો ધંધો બનાવી દીધો છે ડોક્ટર ના આવા વલણ થી રોષે ભરાયેલાં મુર્તક સગા એ પોતાનો રોષ પ્રગટ કર્યો હતો.

# બનાસકાંઠાના ગ્રામ્ય કમ્પ્યુટર સાહસિકોએ પડતર માંગણીઓને લઈ સરકાર સામે ઉઠાવ્યો અવાજ

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા ગ્રામ્ય કમ્પ્યુટર સાહસિકો (વીસીઈ મંડળ) દ્વારા મંગળવારે પડતર માંગણીઓને લઈને પાલનપુર જોરાવર પેલેસ બહાર ધરણા કરવામાં આવ્યા હતા. તેમજ કાળી પટ્ટી ધારણ કરી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા ગ્રામ્ય કમ્પ્યુટર સાહસિકો (વીસીઈ મંડળ) દ્વારા પડતર માંગણીઓને લઈ સરકાર સામે બાંયો ચડાવવામાં આવી છે. જેમને મંગળવારે પાલનપુર જોરાવર પેલેસ બહાર ધરણા કરવામાં આવ્યા હતા. તેમજ કાળી પટ્ટી ધારણ કરી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાતમાં ૧૩,૭૦૦ જેટલા કર્મચારીઓ છેલ્લા ૧૦ વર્ષથી ઈગ્રામ યોજના અંતર્ગત ફરજ બજાવી રહ્યા છે. જેમાં ૭-૧૨ના ઉતારા, લાઈટબીલ, જન્મ મરણના દાખલા, પંચાયતના રેકર્ડ કમ્પ્યુટરાઈઝ કરવા સહિતના સરકારના વિવિધ કાર્યક્રમોની કામગીરી કરી રહ્યા છે. છતાં પગાર ચુકવવામાં આવતો નથી. જે કમિશન મળે છે તેનાથી પરિવારજનોનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. પગાર સહિતના મળવાપાત્ર લાભો આપવામાં આવે તેવી માંગણી છે.

બનાસકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા ગ્રામ્ય કમ્પ્યુટર સાહસિકો (વીસીઈ મંડળ) દ્વારા મંગળવારે પડતર માંગણીઓને લઈને પાલનપુર જોરાવર પેલેસ બહાર ધરણા કરવામાં આવ્યા હતા.

## મેઘરજ માર્કેટયાર્ડના ચેરમેન-વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી

મેઘરજ, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરની માર્કેટ યાર્ડના ચેરમેનની ચૂંટણી ગુરૂવારના રોજ મેઘરજ માર્કેટયાર્ડ ખાતે જિલ્લા રજિસ્ટાર એસ.પી. ચૌહાણની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી. જેમાં મેઘરજ માર્કેટયાર્ડના ચેરમેન તરીકે મેઘરજ માર્કેટયાર્ડના અગાઉ રહી ચુકેલ ચેરમેન અને પુર્વ શિક્ષણ મંત્રી હિરાજી વાલાજી ડામોર અને વાઈસ ચેરમેન તરીકે મેઘરજના જતીનભાઈ ગુણવંતભાઈ પંડ્યાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં માર્કેટયાર્ડના ૧૬ સભ્યોમાંથી ૧ સભ્ય ગેરહાજર હોવાથી હાજર રાજ્યના રજીસ્ટાર જી.જે. પંડ્યાએ જાહેરનામામાં એક સભ્યને ગેર હાજર દર્શાવી મેઘરજ માર્કેટ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

## ભિલોડા લક્ષ્મીનારાયણ મંદિરમાં ૪૫મો પાટોત્સવ લઘુ-વિષ્ણુંયાગ યોજાશે

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા લક્ષ્મીનારાયણ મંદીર પરીસર, ચોકલી ચોકમાં લક્ષ્મીનારાયણ મંદીરમાં ૪૫મો પાટોત્સવ લઘુ-વિષ્ણુંયાગ તા.૧૬/૫/૨૦૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યે શુભારંભ, યજ્ઞની પુર્ણાહુતી સાંજે ૬ વાગ્યે, મહાપ્રસાદ સાંજે ૭ વાગ્યે યોજાશે. લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટ, ગ્રામજનો ધાર્મિક કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## ચિભડીયાટા ગામની યુવતીને યુવકે લગ્નની લાલચે આપી ઝેરી દવા પીવડાવી હત્યા

ભિલોડા,તા.૧૩

ભિલોડા તાલુકાના ચિભડીયાટા ગામની યુવતીને યુવકે લગ્નની લાલચ આપી ઝેરી દવા પીવડાવી ગળે દુપટ્ટો બાંધી હત્યા કરાતાં ચકચાર મચી જવા પામી છે. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સુરેશભાઈના જણાવ્યા મુજબ ચિભડીયાટા ગામની યુવતી દક્ષાબેન મોતીભાઈ વણઝારાને લગ્નની લાલચ આપી લલચાવી-ફોસલાવી ખેડબ્રહ્મા તાલુકાના કરૂડા ગામના પ્રવિણ સરતાનભાઈ વણઝારાએ ડુંગર ઉપર યુવતીને લઈ જઈ ઝેરી દવા પીવડાવી યુવતીના દુપટ્ટાથી ગળે ફાંસો આપી યુવતીની હત્યા કરાતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકામાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. યુવતીની હત્યા સંદર્ભે પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી ગયો હતો ત્યારે ઘટનાસ્થળે ઝેરી દવાની બોટલો મળી આવી હતી. ખેડબ્રહ્મા તાલુકાના કરૂડા ગામનો યુવક પ્રવિણભાઈ સરતાનભાઈ વણઝારાએ ચિભડીયાટા ગામની દક્ષાબેન મોતીભાઈ વણઝારા, આશરે ઉંમર.વર્ષ-૧૮ ઝેરી દવા પીવડાવી ગળે દુપટ્ટો બાંધી ચિભડીયાટા ગામના ડુંગર ઉપર હત્યા કરતાં ચકચાર મચી જવા પામી હતી. ચિભડીયાટા ગામની યુવતીના પિતાએ યુવતીની હત્યા સંદર્ભે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ પ્રવિણભાઈ સરતાનભાઈ વણઝારા, રહે.કરૂડા, તા.ખેડબ્રહ્મા, જી.સાબરકાંઠા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી પો.સ.ઈ. એમ.એચ.સોલંકી, પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજના પીલુદ્રા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરમાં સાયકલસવારનું મોત

### પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ, ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પીલુદ્રા પાટીયા પાસે વહેલી સવારે અજાણ્યા વાહન ચાલકે સાઈકલ ચાલકને અડફેટે લેતાં સાઈકલ સવાર યુવાનનું ઘટનાસ્થળે મોત થયું હતું.

હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના પીલુદ્રા પાટીયા નજીક વહેલી સવારે મોયદનો યુવાન સાઈકલ ઉપર નેશનલ હાઈવે રોડની બાજુમાં જઈ રહ્યો હતો તે સમયે હિંમતનગર બાજુથી કોઈ અજાણ્યો ભારે વાહન ચાલક ફુલફાસ્ટ રીતે હંકારી લાવીને રોડની સાઈડમાં જઈ રહેલ સાઈકલ ચાલકને પાછળથી ટક્કર મારી અડફેટે લેતાં સાઈકલ ચાલક અવધેશ હીરાલાલ ગૌતમ ઉ.વર્ષ-૩૨ મુળ રહે. યુ.પી, હાલ રહે. મોયદને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમનુ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત




નિપજ્યું હતું જયારે અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતાં પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક યુવકનો મૃતદેહ પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે પી.એમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. જયારે ફરીયાદી રામસિંગ રામદેવ યાદવની ફરીયાદના આધારે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી સહિત ભિલોડા તાલુકામાં ગેરકાયદેસર ધમધમતા ઈંટવાળા

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર વહીવટી છે.બિલાડીના ટોપની માફક ફુટી નીકળે તેમ ઈંટવાળા ઠેર-ઠેર બનાવી જાણવા મળેલ છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા



તંત્રની મંજુરી વગર ગેરકાયદેસર રીતે અમુક ઈંટવાળા ધમધમી રહ્યા છે.જમીનો એન.એ.કરાવ્યા વગર જમીનો ભાડા પેટે લઈ ખેતરમાં માટીનું ખોદકામ કરી રહ્યા છે.હવાના પ્રદુષણ માટે ચીમની બનાવ્યા વગર મંજુરીની પરવા કર્યા વિના ઈંટોનો ધંધો દિન-પ્રતિ-દિન ફુલી-ફાલી રહ્યો દેવાયા છે.

અમુક ઈંટવાળાઓએ તો વહીવટી તંત્રની મંજુરી વગર રોયલ્ટીની ચોરી કરી ટેક્ષ ભર્યા વગર ઈંટોનું બારોબાર વેચાણ થઈ રહ્યું છે ત્યારે અમુક જગ્યાએ તો મંજુરી કરતાં વધુ જગ્યામાં માટીની ઈંટો પાડી દીધી હોવાનું આધારભુત સુત્રો ધ્વારા સત્વરે ઈંટવાળા ચલાવતા માલીકો સામે લાલ આંખ કરી ન્યાયીક તપાસ કરવામાં આવે તો ઈંટોના આસમાને પહોંચેલા ભાવો ઉપર નિયત્રંણ મુંકવામાં આવે તો આર્થિક રીતે સક્ષમ ના હોય તેવા લોકોને ઘરનું ઘર મળી રહેશે તેમજ ઘર બનાવવું સસ્તુ પડશે તેમ લોકમુખે ચર્ચાય છે.

## પ્રાંતિજના વાઘરોટા ગામેથી બાઈક ચોરી થતાં પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામે ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

વાઘરોટા ખાતે રહેતા મિતેષભાઈ વિનોદભાઈ વણકરનું બાઈક હિરો હોન્ડા એચએસ ડીલેક્ષ કાળા કલરનું બાઈક નંબર જીજે૯.સી.૩૨૧૮ જેની કિંમત રૂ. ૨૦હજાર કેરાત્રીના સમયેઘર આગળ પાર્ક કર્યુ હતુ જે કોઈ અજાણ્યા બાઈકચોર બાઈક ચોરી કરીને લઈ જતાં બાઈક માલિક મિતેષભાઈ વિનોદભાઈ વણકર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બાઈક ચોર ઈસમો સામે ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વાસણમાં કિશોરને લાગ્યો વિજ કરંટ

પાલનપુર તાલુકાના વાસણ (ધાણધા) ગામના ૧૨ વર્ષીય કિશોર કિશન ગોવિંદભાઈ પટણીને વીજ કરંટ લાગ્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# અંબાજી મંદિરના પ્રસાદની હવે સરકાર દ્વારા હવે ખરાઈ બાદ જ શ્રદ્ધાળુઓને વિતરણ

ભારત સરકાર દ્વારા ખાદ્ય સુરક્ષા અને માનક અધીનીયમતા (fssai) હેઠળ વર્ષ ૨૦૦૦ માં એક કાયદો પસાર કરી જાહેર પ્રજા ની



સ્વાસ્થ્ય લક્ષી એક્ટ નું અમલી કરણ શરૂ કરાયુ હતુ જેનાં અતંરગત્ત અગાઉ દેશ ની નામચીન કંપની નેશલેટ ની મેગી સામે વાંધો ઉઠાવ્યો હતો ને જેની લાંબા સમય સુધી બજાર માં અસર જોવા મળી હતી. ત્યારે હવે માનીતા મંદિરો માં વહેંચાતા પ્રસાદ સામે પણ પગલાં ભરી રહી છે.

દેશ ભર માં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર ઓથોરીટ ઓફ ઈન્ડિયા દ્વારા જાણીતી કપંની ની મેગી સામે બનેલાં પગલાં બાદ હવે જાહેર જનતા ની સ્વાસ્થ્ય સુરક્ષા ને લઈ દેશ માં અનેક ધાર્મીક મંદિરો માં વહેંચાતા પ્રસાદ મામલે સખ્તાઈ નાં પગલાં લેવા માં આવી રહ્યા છે. ત્યારે ગુજરાત ના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર માં પણ વર્ષે લાખ્ખો શ્રધ્ધાળુંઓ દર્શનાર્થે આવતાં હોય છે. જ્યાં મોહનથાળ નો પ્રસાદ બોક્ષ પેકીંગ માં વહેંચવામાં આવે છે. જેમાં ચણા નો લોટ, ઘી, અને ખાંડ જેવાં પ્રદાર્થો ભેળવી ને પ્રસાદ ને તૈયાર કરવામાં આવે છે. જે મટેરીયલ ની પુર્વ ચકાસણી કરાયાં બાદ જ ઉપયોગ માં લેવાતાં હોવાનું મંદિર ટ્રસ્ટ નાં કોન્ટ્રાકટર બનાવવામાં આવે છે. જોકે નવાઈ ની વાત તો એ છે કે પ્રસાદર રોજ બનતો હોવાથી ની ચકાસણી થવી જોઈએ ને હાલ માં અંબાજી મંદિર ટ્રસ્ટ નાં બનાવાયેલાં પ્રસાદ નાં નમુના દર માસે માં લેવામાં આવે છે. તેમ મંદિર ના વહીવટદાર આર.કે.પટેલ જણાવી રહ્યા છે

અંબાજી જેવાં ધાર્મીક સ્થળો એ રોજીંદા બે, પાંચ કે દશ નહી પણ હજ્જારો યાત્રીકો રોજીંદા દર્શનાર્થે



ગુણવંત પંચાલ (ટચ એન્ડ ફાઉન્ડેસન)નું માનવું છે ને સમય અંતરે હાલ માં પણ ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ચકાસણી કરાતાં હોવાનું જણાવી રહ્યુ છે.

અંબાજી મંદિર માં બનાવાતો પ્રસાદ રોજીંદો હજારો કિલો જેટલો પ્રસાદ બનાવવામાં આવે છે ને યાત્રીકો નો ઘસારો વધે તો તેનાં પ્રમાણ માં વધારો પણ કરાતો હોય છે ને મંદિર ટ્રસ્ટ નો આ પ્રસાદ ખાનંગી કોન્ટ્રાક્ટર દ્વારા આવતાં હોય છે ને જ્યાં ખાનંગી કોન્ટ્રાક્ટરો દ્વારા પ્રસાદ બનાવવાની બાબત આવે ત્યારે ખરેખર નિયમીત પણે રોજીંદા સેમ્પલ લેવડાવવાં જોઈએ જેથી કરીને મંદિરે આવતાં હજારો શ્રધ્ધાળુંઓ ને શુધ્ધ સાત્વીક અને આરોગ્ય વર્ધક પ્રસાદ મળી રહે તે માટે નું કેન્દ્ર સરકાર દ્વારા આ ફુડ સેપ્ટી એન્ડ સ્ટાન્ડર ઓથોરીટી ઓફ ઈન્ડિયા નું પ્રસાદીની ચકાસણી બાબત નાં પગલાં સરહાનીય ગણાશે.

## અવસાન નોંધ

ધનસુરા તાલુકાના આંબલીયારા ગામના ધીરૂભાઈ બબાભાઈ ચૌહાણનું આકસ્મીક અવસાન તા.૧૦/૫/૨૦૧૭ ને બુધવારના રોજ થયેલ છે. બેસણું તા.૧૫/૫/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી રાખેલ છે.

સ્થળ : ૫૦૩, પ્રતિષ્ઠા એવન્યું, ખ-રોડ, સરગાસણ, ગાંધીનગર ખાતે રાખેલ છે.






## દાંતીવાડામાં સરદાર કૃષિનગર એગ્રીકલચર યુનિવર્સીટીમાં ચાણક્ય ચિંતનમંચ આયોજિત સત્કાર સમારોહ

બનાકાંઠા ના બે આઈ.એ.એસ શ્રી સી.આર.ખરસાણ અને શ્રી એસ.એમ.ખટાણા જેઓના સત્કાર સમારોહ માં ભાજપ અને કોંગ્રેસ પાર્ટીના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. દાંતીવાડા તાલુકામાં આવેલ સરદાર કૃષિનગર એગ્રીકલચર યુનિવર્સીટીમાં આવેલ ઓડિટોરિયમ હોલમાં આજરોજ બનાકાંઠા ના બે આઈ.એ.એસ શ્રી સી.આર.ખરસાણ અને શ્રી એસ.એમ.ખટાણા નો સત્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું જેમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીના મંત્રીઓ તેમજ મોટાભાગના કાર્યકર્તાઓ તેમજ ખેડૂતો ઉપસ્થિત રહયા અને બે આઈ.એ.એસ અધિકારીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને શુભેક્ષાઓ પાઠવવામાં આવી.